सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૦ | ૦૩ | ૨૦૨૬ |
| રજીસ્ટર તારીખ | ૧૦ | ૦૩ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૮ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**પોરબંદરના મ્હે. ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.**

.......................................................................

ફો.પ.અ.નં.૧૧૦/૨૦૨૬

**નોંઘણભાઈ રામભાઈ ઓડેદરા**
ઉ.વ.આ. ૩૮, ધંધો: વેપાર,
રહે. વાડી વિસ્તાર, ગામ: કાટવાણા,
તા. જી.પોરબંદર.................................................અરજદાર.

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર,**
નોટીસ થ્રુ પી.પી.,
પોરબંદર.

**બાબત:– પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૩૨૬૦૦૮૪/૨૦૨૬, બી. એન. એસ. ની કલમ ૩૧૬(૨), ૩૧૮(૪) મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન મેળવવા માટેની અરજી.**

.......................................................................

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી આર. બી. આગઠ
સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી એ.જે. લીલા

.......................................................................

**–:: ઠ રા વ ::–**

(૧) અરજદાર/આરોપીનાએ તેઓ સામે નોંધાયેલ પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૩૨૬૦૦૮૪/૨૦૨૬, બી. એન. એસ. ની કલમ ૩૧૬(૨), ૩૧૮(૪) મુજબના ગુનાના કામે

બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન મેળવવા માટે અરજી કરેલ છે.

(૨) ગુનાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાની ઈન્ફીનીટી કોર્પોરેશન નામની પેઢી મારફત ફરીયાદીની એસ.એ. ઓવરસીસી નામની પેઢી પાસેથી તા. ૨૦/૦૭/૨૦૨૪ ના રોજ ૪૩ ટન ચોખાની ખરીદી કિં. રૂા. ૪૯,૮૫,૦૦૦/– ના બીલ મુજબની કરી ચોખા ગાંધીધામ કચ્છમાં આવેલ પ્રિતેશ ટ્રેડર્સ નામની પેઢીને વેચાણ કરી વેચાણનું પેમેન્ટ ઈન્ફીનીટી કોર્પોરેશન પેઢીના એકસીસ બેંકના એકાઉન્ટમાં તા. ૨૯/૦૭/૨૦૨૪ ના રોજ રૂા. ૧૩,૫૩,૦૭૫/– મેળવેલ જે પૈકી એકપણ રૂપિયા ફરીયાદીને નહી ચુકવતા ફરીયાદી દવારા અરજી/રજુઆત કરતા આરોપીએ ફરીયાદી સાથે સમાધાન કરી ફરીયાદીને રૂા. ૨,૫૦,૦૦૦/– ની ચુકવણી કરી સમાધાન કરારમાં જણાવ્યા મુજબ યુનીયન બેંકમાં પેમેન્ટ ન હોવા છતાં તારીખ વગરના ચેક આપેલ જે ચેક ફરીયાદી દવારા વિથ્ડો્ કરવા બેંકમાં પેમેન્ટ ચેક કરતાં ચેકમાં જણાવ્યા મુજબનું પેમેન્ટ ન હોવાથી ફરીયાદી દવારા આરોપીને અવાર–નવાર ફોનથી જાણ કરી પેમેન્ટની ચુકવણી કરવા જણાવેલ તેમ છતાં આરોપીએ બાકી રહેતી રકમ રૂા. ૪૭,૩૫,૦૦૦/– આજદિન સુધી નહી ચુકવી આરોપીએ પુર્વ નિયોજીત રીતે શરુઆતથી જ છેતરપીંડીની મન્સા રાખી માલ મંગાવી પેમેન્ટ ન ચુકવી ખોટા પેમેન્ટ ટ્રાનસફરના સ્ક્રીનશોટ મોકલી, તારીખ વગરના ચેક આપી અને અલગ–અલગ બહાના બનાવી રકમ અટકાવી રાખી ફરીયાદી સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કરી ગુનો કરેલાનો આક્ષેપ છે.

(૩) જામીન અરજી રજુ થતા સામાપક્ષે પ્રોશીકયુશનને નોટીસ કાઢતાં સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ.જે. લીલા હાજર રહેલ અને આંક–૦૪ થી ત.ક.અમલદારનું સોગંદનામું રજુ કરેલ.

(૪) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી આર. બી. આગઠનાઓ તરફે પ્રોક્ષી તરીકે વિ.વ.શ્રી જોખીયા એ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં.

૧૧૨૧૮૦૦૩૨૬૦૦૮૪/૨૦૨૬, બી. એન. એસ. ની કલમ ૩૧૬(૨), ૩૧૮(૪) મુજબનો ગુનો નોંધાયેલો છે અને અરજદારે આગોતરા જામીન પર મુકત થવા માટે હાલની આ અરજી કરેલ છે. અરજદાર/આરોપી સામે આક્ષેપિત ગુનામાં સજાની જોગવાઇ જોતાં મોત કે આજીવન કેદની સજાને પાત્ર ગુનાના કોઇ આક્ષેપ નથી. આ કામની એફ.આઇ.આર. જોવામાં આવે તો બનાવ તા. ૨૦/૦૭/૨૦૨૪ નો દર્શાવેલ છે અને ફરીયાદીએ ફરીયાદ પો.સ્ટે.માં તા. ૧૨/૦૨/૨૦૨૬ ના રોજ આપેલાનું જણાય છે. આમ એફ.આઇ.આર. ૧૯ માસ મોડી નોંધાવવામાં આવી છે અને તે ફરીયાદ મોડી નોંધાવવા પાછળનું કોઇ જ કારણ ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં રજુઆત છે કે અરજદાર/આરોપીએ મુળ ફરીયાદીને તેમની લેણી રકમ પૈકીની રકમ રૂા. ૨,૫૦,૦૦૦/- ચુકવી આપેલ ને તે સીવાય અરજદાર/આરોપીએ તારીખ વગરનો ચેક પણ આપેલાનું ફરીયાદીએ જણાવેલ છે અને તે ઉપરથી દેખીતી રીતે અરજદાર/આરોપીનો છેતરપીંડી કરવાનો કોઇ જ ઇરાદો ન હોવાનું જણાય છે. અરજદાર તરફે વધુમાં રજુઆત છે કે અરજદાર અને ફરીયાદી વચ્ચે વાણીજય વ્યવહારનો કેસ છે અને તેને ખોટી રીતે ફોજદારી ફરીયાદમાં પરિવર્તીત કરેલ છે તેમજ બાકી પડતી લેણી રકમ બાબતના ચેકો પણ અરજદારે આપેલ હોવા છતા તે ચેક બાબતે નેગો. એકટ હેઠળની કાર્યવાહી કરેલ નથી અને હાલના સ્વરૂપની તદ્દન ખોટી ફરીયાદ આપેલ છે. અરજદાર/આરોપી સામે અગાઉ કોઇ ગુનો નોંધાયો નથી અને અરજદાર/આરોપી પોરબંદર જીલ્લાના કાટવાણા ગામના સ્થાનીક રહીશ છે જેથી જામીન પર મુકત થયે કયાંય નાશી ભાગી જાય તેમ નથી. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઇ અરજદાર/આરોપીને આગોતરા જામીન પર મુકત કરવા અરજ ગુજારેલ.

(૫) સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી એ.જે.લીલાનાઓએ ત.ક.અમલદારનાઓએ આંક-૦૪ થી રજુ કરેલ એફીડેવીટમાં દર્શાવેલ ગુનાની હકીકત તથા આરોપી વિરૂધ્ધની વિગતો ધ્યાનમાં લઇને એવી દલીલ કરી જણાવે છે કે, આ કામના અરજદાર/આરોપીએ ફરીયાદીને વિશ્વાસમાં લેવા ખોટા સ્ક્રીનશોટ મોકલી તારીખ પોતાની પેઢીના એકાઉન્ટમાં પેમેન્ટ ન હોવા છતાં તારીખ વગરના ચેકો આપેલ જે અરજદાર/આરોપીનું વર્તન દર્શાવે

છે કે તેણે શરુઆતથી જ છેતરપીંડી કરવાની મન્સા રાખી માલ મેળવ્યો હતો. અરજદાર/આરોપીએ ફરીયાદીના ચોખા ગાંધીધામ કચ્છમાં પ્રિતેશ ટ્રેડર્સ નામની પેઢીમાં વેચાણ કરી ચોખાનું પેમેન્ટ પોતાની ઇન્ફીનીટી કોર્પોરેશન નામની પેઢીના એકસીસ બેંકના એકાઉન્ટમાં મેળવેલ હોવાના દસ્તાવેજી પુરાવા મળેલ છે. અરજદાર/આરોપીને આ ગુનાની તપાસના કામે હાજર રહેવા માટે બી.એન.એસ.એસ.ની કલમ ૩૫(૩)(૬) મુજબની કુલ–૦૩ નોટીસો મોકલવામાં આવેલ હોવા છતાં અરજદાર/આરોપી આજદિન સુધી તપાસના કામે હાજર રહેલ નથી. અરજદાર/આરોપીએ ફરીયાદી પાસેથી ખરીદ કરેલ ચોખાના વેચાણથી મેળવેલ પૈસા કયા ઉપયોગ કરેલ છે અથવા તો કોને આપેલ છે અને અન્ય કોઇ વ્યકિતની સંડોવણી છે કે કેમ તે અંગેની અરજદાર/આરોપીની કસ્ટોડીયલ ઉંડાણપુર્વકની પુછપરછ કરવી જરુ છે તેમજ જો અરજદાર/આરોપીને આગોતરા જામીન પર મુકત કરવામાં આવશે તો તેઓ પુરાવાઓ સાથે ચેડા કરવાની તથા સાક્ષીઓને પ્રભાવીત કરવાની અને તપાસમાં અવરોધ ઉભો કરવાની સંભાવના રહેલ છે. આ ગુના કામે તપાસ હાલ ચાલુ છે અને જો તેઓને આગોતરા જામીન પર મુકત કરવામાં આવશે તો કોર્ટ ફરમાવે તે તારીખે હાજર નહી રહે તથા નાશી ભાગી જાય તેવી પુરી શકયતા રહેલ છે. તેથી આ જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૬) અરજદારની જામીન અરજી તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા. ત.ક.અમલદારે રજુ કરેલ આંક–૦૪ નું એફીડેવીટ તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી તથા વિ. એ.પી.પી.શ્રીની દલીલો સાંભળી.

(૭) આ કામે ઉપરોકત બંને પક્ષકારો તરફેની રજુઆતો તેમજ પોલીસ પેપર્સ અને તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ પોરબંદર જીલ્લાના બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૩૨૬૦૦૮૪/૨૦૨૬, બી. એન. એસ. ની કલમ ૩૧૬(૨), ૩૧૮(૪) મુજબના ગુનાનો આરોપ રહેલો છે. સમગ્ર રેકર્ડ અને પોલીસ પેપર્સ ઉપરથી એ હકીકત ફલીત થાય છે કે, આ કામના અરજદાર/આરોપીનાએ પોતાની ઇન્ફીનીટી કોર્પોરેશન નામની પેઢી

મારફત ફરીયાદીની એસ.એ. ઓવરસીસી નામની પેઢી પાસેથી તા. ૨૦/૦૭/૨૦૨૪ ના રોજ ૪૩ ટન ચોખાની ખરીદી કિં. રૂા. ૪૯,૮૫,૦૦૦/– ના બીલ મુજબની કરી ચોખા ગાંધીધામ કચ્છમાં આવેલ પ્રિતેશ ટ્રેડર્સ નામની પેઢીને વેચાણ કરી વેચાણનું પેમેન્ટ ઇન્ફીનીટી કોર્પોરેશન પેઢીના એકસીસ બેંકના એકાઉન્ટમાં તા. ૨૯/૦૭/૨૦૨૪ ના રોજ રૂા. ૧૩,૫૩,૦૭૫/– મેળવેલ જે પૈકી એકપણ રૂપિયા ફરીયાદીને નહી ચુકવતા ફરીયાદી દવારા અરજી/રજુઆત કરતા આરોપીએ ફરીયાદી સાથે સમાધાન કરી ફરીયાદીને રૂા. ૨,૫૦,૦૦૦/– ની ચુકવણી કરી સમાધાન કરારમાં જણાવ્યા મુજબ યુનીયન બેંકમાં પેમેન્ટ ન હોવા છતાં તારીખ વગરના ચેક આપેલ જે ચેક ફરીયાદી દવારા વિથ્ડ્રો કરવા બેંકમાં પેમેન્ટ ચેક કરતાં ચેકમાં જણાવ્યા મુજબનું પેમેન્ટ ન હોવાથી ફરીયાદી દવારા આરોપીને અવાર–નવાર ફોનથી જાણ કરી પેમેન્ટની ચુકવણી કરવા જણાવેલ તેમ છતાં અરજદાર/આરોપીએ બાકી રહેતી રકમ રૂા. ૪૭,૩૫,૦૦૦/– આજદિન સુધી નહી ચુકવી આરોપીએ પુર્વ નિયોજીત રીતે શરુઆતથી જ છેતરપીંડીની મન્સા રાખી માલ મંગાવી પેમેન્ટ ન ચુકવી ખોટા પેમેન્ટ ટ્રાન્સફરના સ્ક્રીનશોટ મોકલી, તારીખ વગરના ચેક આપી અને અલગ–અલગ બહાના બનાવી રકમ અટકાવી રાખી ફરીયાદી સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કરી ગુનો કરેલાનો આક્ષેપ છે.

(૮) બચાવપક્ષે અરજુઆત કરેલ છે કે ગુનાહીત વિશ્વાસઘાત અને છેતરપીંડી આ બન્ને ગુના એક સાથે લાગુ પાડી શકાય નહી અને તે બન્ને એકબીજાથી વિપરીત અને વિરોધાભાસી ગુના છે. સદર બાબતે બચાવપક્ષની રજુઆત વ્યાજબી છે પરંતુ હાલના તબકકે જયારે તપાસ પ્રાથમીક તબકકામાં છે ત્યારે તે બાબતે વધુ ચર્ચા આવશ્યકતા જણાતી નથી. જામીન અરજીના તબકકે પુરાવાની ચર્ચા અસ્થાને છે. તે અંગે નીચે મુજબના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઇએ તો,

2009(1)**GLR** 734, **N.V.Chauhan Vs. State** તથા 2002(3) **GLR** 2288, **Laxmanbhai Gadhavi Vs. State,** માં પ્રસથાપિત કરેલ છે કે, ''while deciding bail application, detaileddiscussion on merit and appreciation of evidence would notbe permissible and Court

should not discuss the material in detail or should not give their verdict on merit while decidingthe bail application.

(૯) આ કામના અરજદાર/આરોપીએ ફરીયાદી પાસેથી જે ૪૩ ટન ચોખાના માલની ખરીદી રૂા. ૪૯,૮૫,૦૦૦/- માં કરેલ તે ચોખા અરજદાર/આરોપીએ ગાંધીધામ કચ્છમાં આવેલ પ્રિતેશ ટ્રેડર્સ નામની પેઢીને વેચી નાખેલ અને તે વેચાણનું પેમેન્ટ અરજદાર/આરોપીની પેઢીના એકસીસ બેંકના એકાઉન્ટમાં તા. ૨૯/૦૭/૨૦૨૪ ના રોજ રૂા. ૧૩,૫૩,૦૭૫/- મેળવેલ. અરજદાર/આરોપીએ ફરીયાદી પાસેથી ખરીદ કરેલ માલ પૈકીની કોઇપણ રકમ ફરીયાદીને ચુકવેલ નહી અને તે અન્વયે ફરીયાદીએ રજુઆત કરતા ફરીયાદી સાથે અરજદાર/આરોપીએ સમાધાન કરી રૂા. ૨,૫૦,૦૦૦/-ની ચુકવણી કરેલ અને સમાધાન કરાર મુજબ પોતાના યુનીયન બેંકના ખાતામાં પેમન્ટ ન હોવા છતાં તારીખ વગરના ચેક ફરીયાદીને આપેલાનો અરજદાર/આરોપી પર આક્ષેપ છે. આ કામે રજુ થયેલ તા. ૧૮/૦૮/૨૦૨૫ ના રોજનો ઘરમેળેનો સમાધાન સમજુતી કરાર વંચાણે લેતાં માલની કિં.રૂા. ૪૯,૮૫,૦૦૦/- અરજદાર/કરાર લખી આપનાર કબુલ રાખે છે અને ફરીયાદી/લખાવી લેનારને કુલ રકમ પેટે રૂા. ૨,૫૦,૦૦૦/- રોકડા ચુકવેલ છે અને બાકીની રકમ રૂા. ૪૭,૩૫,૦૦૦/- પુરા ચુકવવાની સીકયુરીટી પેટે અરજદાર/આરોપીએ બેંક ઓફ ઇન્ડીયા, એમ.જી.રોડ, પોરબંદર શાખાના ખાતા નં. ૩૧૪૦૦૧૦૧૦૦૩૫૭૧૫ ના ખાતાનો ચેક નં. ૧૯૫૮૫૪ નો રૂા. ૧૦,૦૦,૦૦૦/- તથા આજ ખાતા અને શાખાનો બીજો ચેક નં. ૧૯૫૮૫૫ નો રૂા. ૧૦,૦૦,૦૦૦/- પુરા તથા આજ ખાતા અને શાખાનો ત્રીજો ચેક નં. ૧૯૫૮૫૬ નો રૂા. ૧૨,૫૦,૦૦૦/- નો તથા આજ ખાતા અને શાખાનો ચોથો ચેક નં. ૧૯૫૮૫૭ નો રૂા. ૧૨,૫૦,૦૦૦/- નો આજરોજ રકમ લખીતથા ચેક હેઠળ અરજદાર/આરોપીએ સહી કરી આપેલ છે ને બાકીના રૂા. ૨,૩૫,૦૦૦/- અરજદાર/આરોપીએ ઉપરોકત ચેકની રકમ ચુકવાઇ જાય પછી ચુકવવાની ખાત્રી, વિશ્વાસ, વચન અને ભરોસો આપે છે તેવી હકીકત સદર સમાધાન કરારથી જણાય છે. આમ, આ કામના ફરીયાદીના અરજદાર/આરોપી પાસેથી લેણા રૂા. ૪૭,૩૫,૦૦૦/- અન્વયે જે ચેકો ફરીયાદીને આરોપીએ આપેલા તે ચેકો બેંકમાં નાખતા ફરીયાદીના એકાઉન્ટમાં પેમેન્ટ ન હોવાથી ફરીયાદી દવારા આરોપીને અવાર નવાર

ફોનથી જાણ કરી પેમેન્ટની ચુકવી કરવા જણાવેલ પરંતુ આજદીન સુધી આરોપી દવારા ફરીયાદીની કોઈપણ રકમની ચુકવણી કરવામાં આવેલ નથી. તેમજ ખોટા સ્ક્રીનશોટ ફરીયાદીને મોકલી રકમ ચુકવી આપેલ છે તેવી કેફીયત રજુ કરેલ હોવાનો પણ આક્ષેપ છે અને ફરીયાદમાં આરોપીનો ઈરાદો શરૂઆતથીજ છેતરપીંડી કરવાનો હતો તેવો ઉલ્લેખ છે. આમ, સદર ગુનાના કામે ફરીયાદપક્ષના કેસની હકીકતો તેમજ અરજદારની વર્તણુંક જોતા અરજદાર સામે આક્ષેપીત ગુના મુજબનો કોઇ પ્રથમ દર્શનીય કેસ નથી તેવુ ચોકકસપણે કહી શકાય નહી.

(૧૦) વધુમાં પોલીસ પેપર્સ વંચાણે લેતા ફરીયાદીએ અરજદાર/આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપ્યા બાદ અરજદાર/આરોપીને પોલીસ દવારા તપાસના કામે હાજર રહેવા માટે બી.એન.એસ.એસ.ની કલમ ૩૫(૩)(૬) મુજબની કુલ-૦૩ નોટીસો મોકલવામાં આવેલવ જે પૈકી પ્રથમ નોટીસ તા. ૧૩/૨/૨૦૨૬ ના રોજ આપવામાં આવેલ હતી અને છેલ્લી નોટીસ તા. ૨૪/૨/૨૦૨૬ ના રોજ આપવામાં આવેલ હોવા છતાં અરજદાર/આરોપી આજદિન તપાસના કામે હાજર રહયા નથી અને ત્યારબાદ તા. ૧૦/૩/૨૦૨૬ ના રોજ હાલની અરજી દાખલ કરેલ છે. ઉપરાંત તપાસના કાગળો જોતા અરજદાર/આરોપીને રાજકોટના વિ. છઠ્ઠા એડી. ચીફ જયુડી. મેજી.નો કોર્ટે ફોજદારી કેસ નં. ૧૩૯૫૭/૨૦૨૩ થી એક વર્ષની સાદી કેદની સજા તથા એચ.ડી.એફ.સી. બેંકની લોન પેટેના રૂા. ૮૦,૭૭૪/- ભરવાનો હુકમ તા. ૦૩/૧૧/૨૦૨૫ ના રોજ કરેલ જે અનુસંધાને આરોપી ચુકાદા સમયે હાજર ન હોય તેમની સામે તા. ૯/૧/૨૦૨૬ ના રોજ સજા વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ અને અરજદારના પત્નીનું તા. ૨૪/૨/૨૦૨૬ નું નિવેદન જોતા તે વોરંટની બજવણી અર્થે પોલીસ અવાર નવાર ઘરે આવતી હોય જેથી અરજદાર ઘરે રહેતા નથી તેમ જણાવેલ છે. આમ, અરજદાર/આરોપીની આ પ્રકારની વર્તણુંક જોતા પણ અરજદાર આગોતરા જામીનની સુવિધા મેળવવા અધિકૃત નહી હોવાનું આ અદાલતનું માનવું છે. અરજદાર/આરોપી ઉપર ગંભીર આર્થીક પ્રકારના ગુનાનો આક્ષેપ છે અને જો તેઓને આગોતરા જામીન પર મુકત કરવામાં

આવશે તો તેઓ નાશી ભાગી જાય તથા તપાસમાં અંતરાય/અવરોધ ઉભા થાય તેવી પુરી શકયતા રહેલ છે.

(૧૧) આગોતરા જામીન અરજીના તબકકે નામ. સર્વોચ્ચ અદાલતનાં ચુકાદામાં પ્રસથાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લઇએ તો,

(અ) **Siddahram Satlingappa Mhetre Vs. State of Maharashtra reported AIR 2011 SC 312**

**"122. The following factors and parameters can be taken into consideration while dealing with the anticipatory bail:**

i. The nature and gravity of the accusation and the exact role of the accused must be properly comprehended before arrest is made.

ii. The antecedents of the applicant including the fact as to whether the accused has previously undergone imprisonment on conviction by a Court in respect of any cognizable offence;

iii. The possibility of the applicant to flee from justice;

iv. The possibility of the accused's likelihood to repeat similar or the other offences. v. Where the accusations have been made only with the object of injuring or humiliating the applicant by arresting him or her.

vi. Impact of grant of anticipatory bail particularly in cases of large magnitude affecting a very large number of people. vii. The courts must evaluate the entire available material against the accused very carefully. The court must also clearly comprehend the exact role of the accused in the case. The cases in which accused is implicated with the help of Sections 34 and 149 of the Indian Penal Code, the court should consider with even greater care and caution because over implication in the cases is a matter of common knowledge and concern;

viii. While considering the prayer for grant of anticipatory bail, a balance has to be struck between two factors namely, no prejudice should be caused to the free, fair and full investigation and there should be prevention of harassment, humiliation and unjustified detention of the accused;

ix. The court to consider reasonable apprehension of tampering of the witness or apprehension of threat to the complainant;

x. Frivolity in prosecution should always be considered and it is only the element of genuineness that shall have to be considered in the matter of grant of bail and in the event of there being some doubt as to the genuineness of the prosecution, in the normal course of events, the accused is entitled to an order of bail."

(બ) **2024 (0) AIJEL-SC 73397 SUPREME COURT OF INDIA (FROM PATNA HIGH COURT) Sanjay Kumar Srikant Upadhyay Versus State Of Bihar**

24. We have already held that the power to grant anticipatory bail is an extraordinary power. Though in many cases it was held that bail is said to be

a rule, it cannot, by any stretch of imagination, be said that anticipatory bail is the rule. It cannot be the rule and the question of its grant should be left to the cautious and judicious discretion by the Court depending on the facts and circumstances of each case. While called upon to exercise the said power, the Court concerned has to be very cautious as the grant of interim protection or protection to the accused in serious cases may lead to miscarriage of justice and may hamper the investigation to a great extent as it may sometimes lead to tampering or distraction of the evidence. We shall not be understood to have held that the Court shall not pass an interim protection pending consideration of such application as the Section is destined to safeguard the freedom of an individual against unwarranted arrest and we say that such orders shall be passed in eminently fit cases. At any rate, when warrant of arrest or proclamation is issued, the applicant is not entitled to invoke the extraordinary power. Certainly, this will not deprive the power of the Court to grant pre-arrest bail in extreme, exceptional cases in the interest of justice. But then, person(s) continuously, defying orders and keep absconding is not entitled to such grant.

(૧૩) આમ, ઉપરોકત બન્ને ન્યાયનિર્ણયોમાં પ્રસ્થાપિત સિધ્ધાંતના પરિપેક્ષમાં ઉપરોકત કેસ સંદર્ભની હકીકોતની ચર્ચા મુજબ ગુનાની હકીકત, અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ રોલ, ગુનાની તપાસમાં અરજદાર/આરોપીની જરૂરીયાત ધ્યાને લેતાં તેઓને આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયના હીતમાં યોગ્ય જણાતું ન હોય જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-::હુકમ::-**

(૧) અરજદાર/આરોપીની હાલની આગોતરા જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૮ મી, માહે માર્ચ, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : પોબંદર.
તા.૧૮/૦૩/૨૦૨૬

(એમ. એ. ભટ્ટી)
સેશનસ જજ, પોરબંદર.
**(UID NO GJ01506 )**